◆ ADVT ◆
અહીં જાહેરાત આપો
98700 06472 · need24.digital

NEED 24 NEWS
हर ख़बर, हर शहर

નીડ 24 ન્યૂઝ

દરેક ખબર, દરેક શહેર

◆ ADVT ◆
અહીં જાહેરાત આપો
98700 06472 · need24.digital

DIGITAL E-PAPER

PRGI APPLICATION UNDER PROCESS
Application No. T/GJ/2026/0619/2304/1577

GST
GSTIN 24CINPG0564Q1ZT

UDYAM REGISTERED
UDYAM-GJ-14-0003714

◆ DIGITAL NEWS NETWORK ◆
ભારતનું વિશ્વસનીય બહુભાષી ડિજિટલ ન્યૂઝ નેટવર્ક
11+ Languages | 24×7 Live | e-Paper Daily

અમારી App ડાઉનલોડ કરો
Download on the App Store
GET IT ON Google Play

www.need24.digital
info@need24.in
+91 98700 06472
FOLLOW US:

તેજ़ | सटीक | निष्पक्ष | जनहित में | सच की आवाज़ | जन-जन की आवाज़ | निडर पत्रकारिता

GUJARAT · નીડ 24 ન્યૂઝ · દરેક ખબર, દરેક શહેર · 21 November 2026

વિરમગામમાં પ્રસૂતિ બાદ મહિલાનું મોત થતાં ચકચાર



વિરમગામમાં પ્રસૂતિ બાદ એક મહિલાનું મોત થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મળતી માહિતી મુજબ, રામપુરા ગામની રહેવાસી કંચનબેન સુમિતભાઈ ઠાકોરની પ્રથમ ડિલિવરી બાદ તબિયત લથડતાં વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા.

અમદાવાદમાં સારવાર દરમિયાન કંચનબેનનું દુઃખદ અવસાન થયું હતું. આ ઘટનાને પગલે પરિવારજનોએ વિરમગામની નવજીવન હોસ્પિટલના ગાયનેકોલોજિસ્ટ સામે કથિત બેદરકારીના આક્ષેપો કર્યા છે અને જવાબદારો સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

મહિલાના મોતથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે. સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ થાય અને હકીકત બહાર આવે તેવી પરિવારજનોની માંગ છે.

નોંધ: હોસ્પિટલ કે તબીબની બેદરકારી અંગેના આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ ઉપલબ્ધ નથી. હોસ્પિટલનો પક્ષ અને તપાસની વિગતો મળ્યા બાદ જ સમગ્ર હકીકત સ્પષ્ટ થશે.

— Chavda Jignesh

CRIME

અમરેલીના અડતાળા ગામમાં પોલીસ દ્વારા ઘટનાસ્થળની રજૂઆત



અમરેલી જિલ્લામાં આવેલ અડતાળા ગામમાં તાજેતરમાં થયેલી ઘટનાની તપાસમાં, પોલીસ અધિકારીઓએ ઘટનાસ્થળની વિગતવાર રજૂઆત કરી.

રજુઆતમાં સંબંધિત કાયદાની જોગવાઈઓનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું, જેથી ઘટનાની કાનૂની પાસાઓને સમજી શકાય.

સાથે જ, ગામવાસીઓએ પણ લખિત રૂપમાં તેમની માંગણીઓ અને વિચારો રજૂ કર્યા, જેની માહિતી પોલીસ દ્વારા નોંધવામાં આવી છે.

— Vekariya Bharatbhai Devrajbhai

POLITICS

યોગી આદિત્યનાથની માતા શ્રીમતી સાવિત્રી દેવીનું અવસાન



ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રિ શ્રી યોગી આદિત્યનાથની માતા, શ્રીમતી સાવિત્રી દેવીનું અવસાન થયું છે. તેમની મૃત્યુની જાણ રાજ્યમાં અને રાજકીય વર્તુળમાં દુઃખની લાગણી પેદા કરે છે.

માતા ગુમાવવી જીવનની અપરિવર્તનિય હાનિ છે, જેના માટે કોઈ પણ પૂરક શબ્દો નથી. આ કઠિન સમયમાં યોગી આદિત્યનાથ અને તેમના પરિવારજનો પ્રત્યે સમાજની સહાનુભૂતિ વ્યક્ત કરવામાં આવી છે.

સામાજિક અને ધાર્મિક નેતાઓએ પ્રાર્થના કરી છે કે દેવતા શ્રીમતી સાવિત્રી દેવીને શાંતિ મળે અને યોગી આદિત્યનાથ તેમજ તેમના પરિવારને આ અતિમોંઘા દુઃખને સહન કરવાની શક્તિ મળે.

રાજ્ય સરકાર દ્વારા પરિવારને સહાયતા અને શોક સંવેદનાઓની જાહેરાત કરવામાં આવી છે.

— Hariom Borse

RELIGION

અમરેલી તાલુકાના ફતેપુરમાં પ્રથમ ભોજલધામ પાટોત્સવનું ભવ્ય આયોજન



ફતેપુર ગામના ભોજલધામ ખાતે 24 નવેમ્બર 2026 (મંગળવાર) કાર્તિકી પૂનમના દિવસે પ્રથમ ભોજલધામ પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ મહોત્સવ શ્રી ભોજાભગત ચેરિટેબલ ટ્રસ્ટ – ફતેપુર દ્વારા આયોજિત છે અને સમગ્ર દિવસ ધાર્મિક તથા સામાજિક કાર્યક્રમોથી ભરપૂર રહેશે.

કાર્યક્રમની રૂપરેખા મુજબ સવારે 9:30 વાગ્યે ગ્રહ શાંતિ યજ્ઞ, બપોરે 12:00 વાગ્યે મહાપ્રસાદ, 3:30 વાગ્યે રક્તદાન કેમ્પનું ઉદ્ઘાટન, 4:45 વાગ્યે સમૂહ લગ્નોત્સવ, 5:00 વાગ્યે ધર્મસભા, 8:00 વાગ્યે સાંજનો ભોજન પ્રસાદ અને 9:00 વાગ્યે ભજન-સંતવાણી યોજાશે.

સમૂહ લગ્નોત્સવમાં ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ ભીખુભાઈ રાદડિયા (અમેરિકા) ના પરિવાર તરફથી રૂ. 2,51,000નું દાન જાહેર કરવામાં આવ્યું, જે એક દીકરીના લગ્ન માટે ઉપયોગમાં લેવાશે.

આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો, સંતો-મહંતો, અગ્રણીઓ અને દાતાઓ ઉપસ્થિત રહેશે. ટ્રસ્ટ દ્વારા તમામ ભક્તોને પાવન અવસરે દર્શન-પ્રસાદનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સંપર્ક: શ્રી ભોજાભગત ચેરિટેબલ ટ્રસ્ટ, ફતેપુર – 94286 15511, 98765 19411

— Rangpara Shaileshbhai

LOCAL

અમરેલીમાં લીલીયા રોડ પર બુલડોઝર દ્વારા દબાણો હટાવવાની મોટી કામગીરી



અમરેલી શહેરના લીલીયા રોડ પર આજે સવારથી વહીવટી તંત્ર દ્વારા દબાણ હટાવવાની મોટી કામગીરી શરૂ થઈ, જેમાં JCB મશીન અને મોટી સંખ્યામાં પોલીસ કાફલો હાજર હતા.

લીલીયા રોડ ચોકડી પાસે રસ્તા કિનારે કરાયેલા પથ્થર-ઈંટના દબાણોને JCB ની મદદથી તોડી પાડવામાં આવ્યા, તેમજ રેલવે રોડ ચોકડી પાસે દીવાલો અને કાચા બાંધકામો દૂર કરવામાં આવ્યા; કામગીરી દરમ્યાન ધૂળના ગોટેગોટા ઉડતા હતા અને સ્થાનિક લોકોનું ટોળું સ્થળ પર એકત્રિત થયું.

બાયપાસ વિસ્તારમાં ગરીબોના મકાનો તોડવા માટે પણ JCB અને પોલીસ પહોંચ્યા, પરંતુ થોડા જ સમયમાં ઉપરથી મૌખિક હુકમ મળતાં ડિમોલિશન મોકૂફ રાખવામાં આવ્યું, JCB સ્થળ પર જ ઉભું રહી ગયું અને પોલીસ સ્થિતિ સંભાળી.

ડિમોલિશનથી અસરગ્રસ્ત રહેવાસીઓમાં ભારે રોષ જોવા મળ્યો, તાડપત્રી અને લાકડાના છાપરામાં રહેતા પરિવારોનું સામાન રસ્તા પર વેરવિખેર થઈ ગયું, અને ઝાડ નીચે બેસેલા લોકોએ કહ્યું કે, અમારે જવાનું ક્યાં? અમારી પાસે બીજી કોઈ જગ્યા નથી.

તંત્રનું કહેવું છે કે રોડ પહોળો કરવા અને ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે દબાણ હટાવવું જરૂરી હતું અને કાયદાકીય પ્રક્રિયા મુજબ કાર્યવાહી ચાલી રહી છે; હાલ લીલીયા રોડ વિસ્તારમાં સ્થિતિ સામાન્ય છે, પરંતુ ડિમોલિશનને લઈને ચર્ચા ચાલુ છે.

— Rangpara Shaileshbhai

અમરેલી સાવરકુંડલા હાઈવે પર એસ.ટી. બસ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત પાંચનાં મોતથી અરેરાટી



અમરેલી સાવરકુંડલા હાઈવે પર એસ.ટી. બસ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત પાંચ નાં મોતથી અરેરાટી

અમરેલી સાવરકુંડલા હાઈવે પર શેત્રુંજી નદીના પુલ પાસે એસ.ટી. બસ અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ચાર લોકોનાં મોત નીપજ્યાના અહેવાલ સામે આવ્યા છે.

અકસ્મતની ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો.

ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

— Anil Vaghela

અમરેલી સાવરકુંડલા નેશનલ હાઇવે પર ગમખ્વાર અકસ્માત 35 વર્ષીય ST બસ



અમરેલી સાવરકુંડલા નેશનલ હાઇવે પર ગમખ્વાર અકસ્માત 35 વર્ષીય ST બસ ડ્રાઈવર મેહુલભાઈ વાળાનું કરુણ નિધન

અમરેલી સાવરકુંડલા નેશનલ હાઇવે પર શેત્રુંજી નદીના પુલ નજીક ST બસ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુઃખદ અકસ્માતમાં 35 વર્ષીય ST બસ ડ્રાઈવર મેહુલભાઈ વાળાનું કરુણ નિધન થતાં સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ છે.

નાની ઉંમરે જીવનની સફર અધૂરી છોડી વિદાય લેનાર મેહુલભાઈના અવસાનથી પરિવારજનો અને સ્વજનોમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે.

મેહુલભાઈ વાળાને ભાવભીની શ્રદ્ધાંજલિ. ઈશ્વર સદગત આત્માને ચિરશાંતિ અર્પે અને પરિવારજનોને આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

— Anil Vaghela

LOCAL

સાબરકાંઠા: લાકડાં ભરેલા ટ્રેક્ટર પર પત્રકારનું વાહન રોકવાનું દાવા પર કાયદાકીય તપાસ..



સાબરકાંઠા પોલીસને જાણ થઈ છે કે કોઈ વ્યક્તિ પત્રકારની ઓળખનો ઉપયોગ કરીને લાકડાં ભરેલા ટ્રેક્ટર ચલાવતી વાહનને રસ્તા પર રોકી,અન્ય વાહનચાલકોને પૂછપરછ અને દબાણ કરી રહ્યો હતો.આ ઘટનાની જાણ સ્થાનિક સ્તરે મળી અને તાત્કાલિક તપાસ શરૂ થઈ.નોટ્સ અનુસાર પત્રકારને કાયદાકીય રીતે કોઈ વાહન રોકવાનો અધિકાર નથી.ગેરકાયદેસર લાકડાં ભરેલાં વાહન વિશે શંકા હોય તો તેને વન વિભાગ અથવા પોલીસને જાણ કરવી જોઈએ,ન કે વ્યક્તિગત રીતે રોકીને તપાસ કરવી.સાબરકાંઠા પોલીસ અધિકારી અને સંબંધિત વન વિભાગના અધિકારીઓએ આ પ્રકારની પ્રવૃત્તિઓની નિષ્પક્ષ તપાસની માંગ કરી છે.કાયદાનો ભંગ સાબિત થયો તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે..

સાબરકાંઠા: લાકડાં ભરેલા ટ્રેક્ટર પર પત્રકારનું વાહન રોકવાનું દાવા પર કાયદાકીય તપાસ..



સાબરકાંઠા પોલીસને જાણ થઈ છે કે કોઈ વ્યક્તિ પત્રકારની ઓળખનો ઉપયોગ કરીને લાકડાં ભરેલા ટ્રેક્ટર ચલાવતી વાહનને રસ્તા પર રોકી,અન્ય વાહનચાલકોને પૂછપરછ અને દબાણ કરી રહ્યો હતો.આ ઘટનાની જાણ સ્થાનિક સ્તરે મળી અને તાત્કાલિક તપાસ શરૂ થઈ.નોટ્સ અનુસાર પત્રકારને કાયદાકીય રીતે કોઈ વાહન રોકવાનો અધિકાર નથી.ગેરકાયદેસર લાકડાં ભરેલાં વાહન વિશે શંકા હોય તો તેને વન વિભાગ અથવા પોલીસને જાણ કરવી જોઈએ,ન કે વ્યક્તિગત રીતે રોકીને તપાસ કરવી.સાબરકાંઠા પોલીસ અધિકારી અને સંબંધિત વન વિભાગના અધિકારીઓએ આ પ્રકારની પ્રવૃત્તિઓની નિષ્પક્ષ તપાસની માંગ કરી છે.કાયદાનો ભંગ સાબિત થયો તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે..

પત્રકારત્વ જનતાનો અવાજ બનવાનું માધ્યમ છે,કાયદો અમલમાં લાવવા માટેની સત્તા માત્ર પોલીસ અને સંબંધિત અધિકારીઓની જ છે.તમામ નાગરિકો માટે કાયદો સમાન હોવો જોઈએ અને કોઈપણ પ્રકારની દાદાગીરીને કડક રીતે રોકવામાં આવશે.

— એસ એ શિરોયા

LOCAL

ગુજરાત સરકારનું નવું ઉપક્રમ: ગંદકીની ફરિયાદ હવે WhatsApp દ્વારા કરો



ગુજરાત સરકારએ ગંદકીની ફરિયાદ માટે નવી ડિજિટલ સેવા શરૂ કરી છે. કોઈપણ શહેર કે ગામમાં ગંદકી દેખાય તો નાગરિકો ફોટો લઈ, તેના GPS લોકેશન સાથે 7622880000 નંબર પર WhatsApp દ્વારા મોકલી શકે છે.

પ્રાપ્ત થયેલી ફરિયાદ સંબંધિત સ્વચ્છતા વિભાગને મોકલવામાં આવે છે, જે તરત જગ્યા પર જઇ સફાઇ કરે છે અને પૂર્ણ થયેલ કામની ફોટો નાગરિકને પાછી મોકલે છે.

આ ઉપક્રમનો મુખ્ય હેતુ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ગંદકી સામે ઝડપી કાર્યવાહી સુનિશ્ચિત કરવો અને સ્વચ્છ અને સ્વસ્થ ગુજરાતનું નિર્માણ કરવો છે. નાગરિકોની સહભાગીતા દ્વારા સ્વચ્છતા અભિયાનને મજબૂત બનાવવામાં આવશે.

સરકારનું આ સંદેશ છે કે સ્વચ્છતા સૌની જવાબદારી છે અને દરેક વ્યક્તિએ આ સેવા ઉપયોગમાં લઈને “સ્વચ્છ ગુજરાત” માટે સહયોગ આપવો જોઈએ.

— IRFAN MANGROLIYA

LOCAL

ભરૂચ તાલુકાની 77 ગ્રામ પંચાયતોમાં સરપંચ પદની અનામત બેઠકોનું રોટેશન જાહેર



ભરૂચ તાલુકાની 77 ગ્રામ પંચાયતોમાં સરપંચ પદની અનામત બેઠકોનું રોટેશન જાહેર કરવામાં આવ્યું છે. મુદત પૂર્ણ થતી પંચાયતોમાં એસસી, એસટી અને ઓબીસી વર્ગ માટે સામાન્ય તથા મહિલા બેઠકોની ફાળવણી કરવામાં આવી છે, સાથે જ બિનઅનામત (જનરલ) બેઠકોની યાદી પણ જાહેર કરવામાં આવી છે.

પીપલીયા અને માંચ ગામો સામેલ છે, જ્યારે મહિલા બેઠકોમાં કુવાદર અને કેસરોલ ગામો નિર્ધારિત કરવામાં આવ્યા છે.

એસટી અનામતમાં સામાન્ય બેઠકોમાં ત્રાલસી, સીમલીયા, કારેલા, ચોલાદ, અમલેશ્વર, ભરથાણા અને વડવા ગામો સમાવિષ્ટ છે. મહિલા બેઠકોમાં ભોલાવ, નંદેલાવ, હિંગલ્લા, કરગટ, બોરી, આમદડા, અડોલ, ડભાલી અને કુરલા ગામો સામેલ છે.

ઓબીસી અનામત માટે સામાન્ય બેઠકોમાં પાલેજ, પરીએજ, પારખેત, રહાડપોર, સામલોદ, શંખવાડ, સેગવા, શુકલતીર્થ અને સિંઘોત ગામો છે. મહિલા બેઠકોમાં બંબુસર, દયાદરા, મહેગામ, મનાડ, મંગલેશ્વર, નાંદ, નવેઠા, નિકોરા અને પગુથણ ગામો નિર્ધારિત છે.

બિનઅનામત (જનરલ) બેઠકોમાં સામાન્ય માટે કંબોલી, કંથારીયા, કરજણ, કરમાડ, કરમાલી, કાસવા, કિશનાડ, મદુધલા, વહાલુ, વાંસી, વરેડીયા, વેસદડા, શાહપુરા, શેરપુરા, ઠીકરીયા અને વડદલા ગામો અને મહિલા માટે ઉમરાજ, ઉપરાલી, અલદર, અંગારેશ્વર, ભાડભૂત, ભૂવા, ચાવજ, દહેગામ, દેરોલ, દેત્રાલ, એકસાલ, હલદરવા, હીંગલોટ, ઝંઘાર, ઝણોર, કાહાન ગામો સામેલ છે. કુલ 77 ગ્રામ પંચાયતોમાં 40 ગામોમાં એસસી, એસટી અને ઓબીસી અનામત બેઠકો ફાળવવામાં આવી છે. રોટેશન જાહેર થતાં જ ગ્રામ્ય વિસ્તારોમાં આગામી સરપંચ ચૂંટણીને લઈને રાજકીય ચર્ચાઓ શરૂ થઈ છે.

— IRFAN MANGROLIYA

રાજકોટમાં વધુ એક હત્યા! મોરબી રોડની વેલનાથ સોસાયટીમાં પતિએ પત્નીની છરીના ઘા ઝીંકી કરી હત્યા



બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચકચાર – પ્રવીણ પરસોડાએ પત્ની શારદાબેન પર છરી વડે હુમલો કરી હત્યા નિપજાવી હોવાની પ્રાથમિક માહિતી, PI જી.આર. ચૌહાણ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો.

રાજકોટ શહેરમાં હત્યાની વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના મોરબી રોડ પર આવેલી વેલનાથ સોસાયટીમાં પતિએ પોતાની જ પત્નીની છરીના ઘા ઝીંકી હત્યા કરી નાખતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત પ્રાથમિક વિગતો અનુસાર, રાજકોટના બી ડિવિઝન પોલીસ સ્ટેશનની હદમાં આવેલા મોરબી રોડ સ્થિત વેલનાથ સોસાયટીમાં પ્રવીણ પરસોડા નામના શખ્સે પોતાની પત્ની શારદાબેન પર છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં શારદાબેનને ગંભીર ઇજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હોવાની માહિતી સામે આવી છે.

પતિ દ્વારા પત્નીની હત્યાથી વિસ્તારમાં સનસનાટી

ઘરેલુ મામલે કે અન્ય કોઈ કારણસર આ હત્યા કરવામાં આવી છે તે અંગે હાલ સ્પષ્ટતા થઈ નથી. પતિએ પત્નીની હત્યા શા માટે કરી અને ઘટના પાછળનું ચોક્કસ કારણ શું છે તે સહિતના તમામ પાસાઓ તપાસનો વિષય બન્યા છે.

PI જી.આર. ચૌહાણ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે

ઘટનાની જાણ થતાં જ બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર જી.આર. ચૌહાણ સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે સ્થળ પર પહોંચીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ઘટનાસ્થળેથી પુરાવા એકત્રિત કરવા અને હત્યા પાછળનું કારણ જાણવા પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

રાજકોટમાં કાયદો અને વ્યવસ્થાને લઈને ફરી સવાલો

રાજકોટ શહેરમાં ટૂંકા ગાળામાં અલગ-અલગ વિસ્તારોમાં હત્યાની ઘટનાઓ સામે આવતાં નાગરિકોમાં ચિંતા જોવા મળી રહી છે. એક તરફ ગાંધીગ્રામના એસ.કે. ચોક પાસે મનીષ પરમારની હત્યાની ઘટના અને બીજી તરફ મોરબી રોડની વેલનાથ સોસાયટીમાં શારદાબેનની હત્યાના બનાવથી શહેરમાં ચકચાર મચી છે.

હાલ પોલીસ તપાસ બાદ જ હત્યા પાછળનું ચોક્કસ કારણ, આરોપીની ધરપકડ અને અન્ય

LOCAL

ભરૂચમાં દબાણો દૂર કરવા વહીવટી તંત્રની મેગા કામગીરી



ભરૂચમાં રહેનારા નાગરિકો માટે તાત્કાલિક સમસ્યા બની રહેલા દબાણો સામે વહીવટી તંત્રએ મોટી કામગીરી શરૂ કરી છે.

સવારથી પ્રાંત અધિકારી, મામલતદાર, નગરપાલિકા ચીફ ઓફિસર અને અન્ય ઉચ્ચ અધિકારીઓ મેદાનમાં ઉતરી કસક સર્કલથી જાડેશ્વર ચોકડી સુધી દબાણો હટાવવાના નિર્ધારિત માર્ગને નિરીક્ષણ અને સમન્વયિત કરવા લાગ્યા.

પોલીસ બંદોબસ્ત સાથે દબાણો હટાવવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી, જેમાં ટ્રાફિક વ્યવસ્થા, સુરક્ષા અને જનતા સહકાર સુનિશ્ચિત કરવામાં આવ્યો.

આ કામગીરીથી શહેરમાં પાણીની સપ્લાય અને અન્ય જાહેર સેવાઓમાં સુધારો અપેક્ષિત છે, તેમજ નાગરિકોના જીવનમાં સ્થિરતા પુનઃસ્થાપિત થશે.

— IRFAN MANGROLIYA

ગાંધીગ્રામના એસ.કે. ચોક પાસે મનીષ પરમારની છરીના ઘા ઝીંકી ઘાતકી હત્યા કરાઈ



હોવાની પ્રાથમિક માહિતી – ગની નામના શખ્સ પર હત્યાનો આક્ષેપ, તાજેતરમાં જેલમાંથી છૂટ્યો હોવાની ચર્ચા

રાજકોટ શહેરમાં ગુનાખોરીનો ગ્રાફ વધતો હોવાની ચિંતાઓ વચ્ચે હત્યાની વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરમાં માત્ર એક કલાકના ટૂંકા ગાળામાં અલગ-અલગ બે સ્થળોએ હત્યાની ઘટનાઓ બનતાં પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે. એક પછી એક બનેલી આ ઘટનાઓને પગલે સમગ્ર શહેરમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

પ્રાપ્ત પ્રાથમિક માહિતી અનુસાર, રાજકોટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા એસ.કે. ચોક પાસે મનીષ પરમાર નામના યુવાન પર છરી વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ગની નામના યુવકે મનીષ પરમારને છરીના અનેક ઘા ઝીંકી દેતાં ગંભીર ઇજાઓ પહોંચી હતી. હુમલા બાદ મનીષ પરમારનું મોત નીપજ્યું હોવાની માહિતી સામે આવી છે.

આ ઘટનામાં ગની નામના શખ્સનું નામ સામે આવી રહ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ, આરોપી ગની તાજેતરમાં જ જેલમાંથી છૂટીને બહાર આવ્યો હતો. જૂની અદાવત કે પ્રેમપ્રકરણને લઈને આ હત્યા કરવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, હત્યા પાછળનું ચોક્કસ કારણ પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો

ઘટનાની જાણ થતાં જ ગાંધીગ્રામ પોલીસ સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થળ પર પહોંચીને જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. હત્યામાં વપરાયેલા હથિયાર, આરોપીની સંડોવણી અને ઘટનાના મૂળ કારણ અંગે તપાસ શરૂ કરવામાં આવી હોવાની પ્રાથમિક માહિતી છે.

પોલીસની કામગીરી સામે સવાલો

રાજકોટમાં એક પછી એક હત્યા અને છરી વડે હુમલાની ઘટનાઓ સામે આવતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે સવાલો ઊભા થઈ રહ્યા છે. ગુનાહિત ઇતિહાસ ધરાવતા શખ્સો જેલમાંથી બહાર આવ્યા બાદ ફરી ગુનાખોરીમાં સંડોવાય છે કે કેમ તે મુદ્દે પણ ચર્ચા શરૂ થઈ છે.

અહેવાલ : પરાગ ચૌહાણ - રાજકોટ

— PARAG CHAUHAN, Rajkot

ધાંગધ્રા તાલુકા અને શહેર પોલીસ સ્ટેશને પકડેલો2026નો 45,674 બોટલ વિદેશી દારૂ નોનાશ કર્યા, મૂલ્ય 1.24 કરોડ રૂપિયા



બ્રેકિંગ ન્યુઝ

ધાંગધ્રા તાલુકા અને શહેર પોલીસ સ્ટેશનો2026માં પકડેલો 45,674 બોટલ વિદેશી દારૂનો નાશ કર્યા, જેનું કુલ મૂલ્ય 1.24 કરોડ રૂપિયા કરતાં વધુ હતું. આ કાર્યવાહી સ્થાનિક કાયદો અમલમાં લાવવા માટે કરવામાં આવી હતી.

પોલીસ અધિકારીઓએ જણાવ્યા મુજબ, આ બોટલોમાં રહેલી દારૂ બિનઅનુમોદિ રિતે પકડવામાં આવ્યો હતોઅને તેનો વેચાણ ગેરકાયદેસર હતો. નાશ પ્રક્રિયા દરમિયાન તમામ બોટલોને યોગ્ય રીતે નષ્ટ કરવામાં આવી અને સંબંધિત કાયદા અનુસાર કાર્યવાહી કરવામા આવહતી ડેપ્યુટી કલેકટર પીઆઈ પીએસઆઇ સહિત ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં બાલા હનુમાન પાછળ સરકારી ખરાબાની જમીનમાં આ દારૂનો નાસકરાયો હતો

આ નાશથી સ્થાનિક સમાજમાં ગેરકાયદેસર દારૂના પ્રસારને રોકવામાં મદદ મળશે અને કાયદો અમલમાં લાવવાની પ્રતિબદ્ધતા દર્શાવશે. અધિકારીઓએ નાગરિકોને ગેરકાયદેસર દારૂની ખરીદી અને વેચાણથી દૂર રહેવાની સલાહ આપીહતી

રિપોર્ટર સિકંદર ભટ્ટી ધાગધ્રા

— Bhatti Sinkandar Gulabbhai

CRIME

જૂનાગઢ ક્રાઇમ ાન્ચે સાધુ વેશમાં ચોરને પકડી, ખડીયા અને કોયલી ગામની બે ચોરી કેસો ઉકેલ્યા



તારીખ 20 નવેમ્બર 2026 ના રોજ, જૂનાગઢ ક્રાઇમ બ્રાન્ચ એ સાધુ વેશમાં ચોરી કરનારને પકડ્યો, જે મનાવદર તાલુકાના ખડીયા ગામમાં ઘરફોડ ચોરી અને વાંથલી તાલુકાના કોયલી ગામમાં રીક્ષા ચોરી સાથે જોડાયેલ હતો.

ખડીયા ગામમાં થયેલી ઘરફોડ ચોરીમાં ગુનેગારએ ઘરનાં દરવાજા તોડી અંદર પ્રવેશી મૂલ્યવાન સામાન ચોરી લીધું. કોયલી ગામમાં રીક્ષા ચોરીમાં પણ સમાન પદ્ધતિ અપનાવી હતી.

તપાસમાં જાણવા મળ્યું કે ગુનેગારએ સાધુની વસ્ત્રો પહેરીને શંકા ટાળવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે પ્રારંભિક તપાસમાં તેને ઓળખવામાં મુશ્કેલી પડી. ક્રાઇમ બ્રાન્ચ ની વિશેષ ટીમે અંતે તેના પગલાંને ટ્રેસ કરી અને પકડ્યો.

આ સફળતા દ્વારા ક્રાઇમ બ્રાન્ચ અનડીટેક્ટ કેસો ઉકેલવામાં પોતાની ક્ષમતા દર્શાવી છે અને સ્થાનિક નાગરિકોમાં સુરક્ષાની ભાવના વધારી છે.

— SUDIP GADHIYA

બાબરા, અમરેલી રોડ પર કુંભારની દુકાનમાં તોડફોડ અને પિતા-પુત્રી પર હિંસા



બાબરા, અમરેલી રોડ પર આવેલી કુંભારની દુકાને તોડફોડનો આરોપ લગાયો છે. સ્થાનિક રહેવાસીઓ અનુસાર, અણધારી વ્યક્તિઓએ દુકાનમાં પ્રવેશીને માટલા-કુંડા ફોડી નાખ્યા અને માલને નષ્ટ કર્યો.

પોલીસની માહિતી મુજબ, આ તોડફોડ દરમિયાન દુકાનમાં હાજર પિતા અને તેમની પુત્રીને શારીરિક હિંસા કરવામાં આવી. પિતાને પુત્રી સાથે છેડતી કરવાના આરોપ પણ લગાવવામાં આવ્યા છે.

ઘટનાની તાત્કાલિક બાદ, પિતા-પુત્રીને બાબરા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા. પિતાએ હોસ્પિટલમાંથી પોતાના નિવેદન આપતા વિડિયો જાહેર કર્યો, જેમાં તેમણે ઘટનાની વિગત આપી છે.

પોલીસએ આ મામલે તપાસ શરૂ કરી છે અને તપાસ પૂર્ણ થયા બાદ જ સાચી હકીકત જાહેર થશે.

— Rangpara Shaileshbhai

CRIME

મહેસાણા પોલીસનું નશામાં ડ્રાઇવિંગ વિરોધી જનજાગૃતિ અભિયાન..



મહેસાણા પોલીસ દ્વારા નશામાં ડ્રાઇવિંગ સામે જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં નશામાં વાહન ચલાવવાના જોખમો અને તેના કારણે થતા જીવલેણ અકસ્માતો વિશે માહિતી આપવામાં આવી રહી છે.પોલીસ અધિકારીઓએ જાહેર કર્યું કે નશામાં થયેલ અકસ્માતનું નુકસાન ક્યારેય પૂરું નહીં થાય,તેથી નશામાં ગાડી ચલાવવી અણગમતી અને અયોગ્ય છે..

તેઓએ ડ્રાઇવરોને સલાહ આપી છે કે દારૂ પીતા વખતે ગાડીની ચાવી સુરક્ષિત જગ્યાએ મૂકી દેવી જોઈએ.જેથી વધુ લોકો સુધી પહોંચે. પોલીસનું કહેવું છે કે દરેક નાગરિકની જવાબદારી છે કે તે નશામાં ડ્રાઇવિંગ ન કરે, જેથી અનેક જિંદગીઓ બચાવી શકાય.આ અભિયાનમાં ટ્રાફિક સુરક્ષા અને રોડ સેફ્ટી સંબંધિત અન્ય સલાહો પણ આપવામાં આવી રહી છે,જેમ કે હેલ્મેટ પહેરવું,ગતિ મર્યાદા પાલન કરવું અને સાવચેતીપૂર્વક ડ્રાઇવિંગ કરવું.

— એસ એ શિરોયા

LOCAL

સાબરકાંઠાના પોશીના-ખેડબ્રહ્મામાં 278 બાળકોની વિલંબિત જન્મ નોંધણી માટે પ્રાંત અધિકારીને આવેદનપત્ર..



સાબરકાંઠાના-:

પોશીના-ખેડબ્રહ્મા વિસ્તારમાં 278 બાળકોની વિલંબિત જન્મ નોંધણી કરાવવા માટે સ્થાનિક લોકોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું છે.આ વિસ્તારમાં રહેતાં ઘણાં બાળકોની જન્મ નોંધણી સમયસર ન થતાં તેમના ભવિષ્ય માટે ચિંતાની સ્થિતિ ઊભી થઈ છે.આવી સ્થિતિમાં સ્થાનિક લોકોએ પ્રાંત અધિકારીને પાઠવેલા આવેદનપત્રમાં વિલંબિત જન્મ નોંધણીની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવાની માંગ કરી છે..

બાળકોને શૈક્ષણિક અને સરકારી સેવાઓમાં અવરોધોનો સામનો કરવો પડે છે.પ્રાંત અધિકારીને પાઠવેલા આ આવેદનપત્ર દ્વારા સ્થાનિક લોકોએ સંબંધિત વિભાગોને ધ્યાન ખેંચ્યું છે. હવે આ મુદ્દે સરકારી તરફથી કયા પગલાં ભરવામાં આવશે, તે જોવાનું રહ્યું છે.

— એસ એ શિરોયા

POLITICS

ગુજરાતમાં ખાનગી વાહનોમાં જાતિ-લેબલ અને ધાર્મિક શબ્દો પર પ્રતિબંધ



ગુજરાતના પોર્ટ્સ અને ટ્રાન્સપોર્ટ વિભાગે 17 નવેમ્બર 2026 ના રોજ "ગુજરાત મોટર વાહનો (ત્રીજો સુધારો) નિયમો, 2026" તરીકે જાણકારી જારી કરી, જે 1989 ના ગુજરાત મોટર વાહનો નિયમોમાં સુધારો કરે છે.

નવા નિયમો અનુસાર, જાતિ-સંબંધિત શબ્દો, પ્રતીકો, ચિન્હો, આંકડાઓ, સ્ટીકર્સ અથવા લખાણ—જેમાં "પટિદાર", "રાજપૂત", "સનાતન" અથવા "હિંદુ" જેવા સમુદાય અથવા ધાર્મિક લેબલ શામેલ છે—સરકારી સામાન્ય અથવા વિશેષ આદેશ દ્વારા મંજૂરી ન મળે તો તમામ ખાનગી વાહનોમાં લગાવવું પ્રતિબંધિત છે.

આ પ્રતિબંધ તમામ ખાનગી વાહનો પર લાગુ પડે છે, જેમાં બે-વ્હીલર, ત્રણ-વ્હીલર, કાર, બસ અને ટ્રક જેવા વિવિધ વર્ગો શામેલ છે.

નિયમનું ઉલ્લંઘન કરનારાઓને સંબંધિત કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે, અને અધિકારીઓ દ્વારા નિયમનું કડક અમલ કરવામાં આવશે.

— Ajay Singh Rathod, Surat

LOCAL

મહુવાના વડલી ગામમાં જૂથ અથડામણમાં ભોળાભાઈનું મોત



મહુવાના વડલી ગામ પાસે આજે બે જૂથોની અથડામણમાં ફરી હિંસક અથડામણ સર્જાઈ, જેમાં ભોળાભાઈનું ગંભીર ઇજાઓથી મૃત્યુ થયું.

ભોળાભાઈનું મૃત્યુ લોહિયાળ અથડામણમાં થયું, અને અન્ય ઇજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે મહુવાની સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.

બનાવની જાણ થતા જ મહુવા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી, પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો.

પોલીસે ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા અને તપાસ ચાલુ રાખી.

— Naqvi Mehdi Hasan

પાણીની મારામારી બાદ લાઠી પોલીસએ 5 પર ગુનો નોંધ્યો, 3 ઝડપાયા



અડતાળા ગામમાં પાણીની રજૂઆત માટે ગામજનો ઉપસરપંચ જીતુભાઈ વાળાને મળ્યા ત્યારે મારામારી થઈ, જેમાં ઉપસરપંચે રિવોલ્વર અને ધોકો બતાવી ધમકી આપી હોવાનો વીડિયો વાયરલ થયો.

પોલીસે ઉપસરપંચ સહિત 5 સામે ગુનો નોંધ્યો અને 3 આરોપીઓને ઝડપી લીધા.

આજે પોલીસ આરોપીઓને હાથકડી પહેરાવીને અડતાળા ગામમાં લઈ ગઈ અને ઘટનાસ્થળે રીકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું, જે દરમિયાન ગામમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા.

મુખ્ય આરોપી હજુ પોલીસના હાથે ઝડપાયો નથી, પરંતુ અન્ય આરોપીઓને ગામમાં ફેરવવામાં આવ્યા છે. પોલીસ હાલ વધુ તપાસ શરૂ કરી રહી છે.

— Rangpara Shaileshbhai

LOCAL

સાબરકાંઠા જિલ્લામાં હિમતનગર ગ્રામ્ય પોલીસ દ્વારા ડબલ ફેટલ ગુન્હાના નાસતા ફરતા આરોપી પકડ્યો..



સાબરકાંઠામાં-:

હિમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનની ટીમે છેલ્લા ત્રણેક માસથી નાસતા ફરતા આરોપી મનોજ શંકરલાલ ડીંડોરને ડબલ ફેટલ ગુન્હા માટે પકડી પાડ્યો.આ કાર્યવાહી નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ અને પોલીસ અધિક્ષક ડૉકટર પાર્થરાજસિંહ ગોહીલનાઓની સૂચના હેઠળ હિમતનગર વિભાગના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર બી ડી રાઠોડ અને પોલીસ સબ ઇન્સ્પેક્ટર એસ એમ સોલંકી દ્વારા સુચિત કરવામાં આવી..

સર્વેલન્સ સ્કોડ અને ટીમે શીકા ગામ, અરવલ્લી જીલ્લામાં ડબલ ફેટલ ગુન્હાના સ્થળ પર તપાસ કરી અને આરોપીને ૧૨૦૯૦૧૭૨૬૦૩૭૧/૨૦૨૬ નંબરની ઓળખ સાથે પકડ્યો.આ પ્રશસનીય કામગીરી કરનાર અધિકારી અને કર્મચારીઓ જેમાં બી ડી રાઠોડ ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર,એસ એમ સોલંકી પોલીસ સબ ઇન્સ્પેક્ટર,કપિલકુમાર કલ્યાણસિંહ પોલીસ કોન્સ્ટેબલ,નિકુલસિંહ મહેંદ્રસિંહ પોલીસ કોન્સ્ટેબલ જેવા અધિકારીઓ અને કર્મચારીઓની પ્રશંસનીય કામગીરીને વખાણવામાં આવે છે.

— એસ એ શિરોયા

થયેલ કેબલ ચોરી નો આરોપી રાજુભાઇ રાયાભાઇ બારૈયા (દેવીપુજક) ઉ.વ.૩૦ અને તેમની ધર્મ પત્ની નીતાબેનઝડપાયા



મોટા આગરીયા ગામ આજુબાજુ માં થયેલ કેબલ ચોરી નો આરોપી રાજુભાઇ રાયાભાઇ બારૈયા (દેવીપુજક) ઉ.વ.૩૦ અને તેમની ધર્મ પત્ની નીતાબેનઝડપાયા

અમરેલી જિલ્લા ના રાજુલા તાલુકા ના મોટા આગરીયા ગામની સીમ માં થયેલ કેબલ વાયર ચોરીના બે ગુન્હાનો ભેદ ઉકેલી એક પુરૂષ તથા એક મહીલા ઇસમને કીંમત .૧૩,૩૨૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી રાજુલા પોલીસ ટીમ

ભાવનગર રેન્જ આઇ.જી. આર.વી. અસારી નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલ્કત સબંધી અનડિટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત નાઓએ અમરેલી જીલ્લામા બનવા પામેલ મિલકત સંબધી ચોરોના ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને ગુન્હો ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય

તેમજ નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયા સાવરકુંડલા વિભાગ નાઓએ સીમચોરી તથા અનડીટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરવા તેમજ આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવાં સુચના અને માર્ગદર્શન આપેલ હોય

જે માર્ગદર્શન અન્વયે રાજુલા પો.સ્ટે.ના પોલીસ ઇન્સ્પેકટર વી.એમ.કોલાદરા નાઓની સુચના અને માર્ગદર્શંથી રાજુલા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૬૦૮૨૨/૨૦૨૬ B.N.S.-૨૦૨૩ ની કલમ ૩૦૩(૨) ગુન્હાના કામે આરોપીએ 6 M.M નો ૨૨ મીટર કેબલ વાયર કીંમત ૨૬૦૦/- તથા રાજુલા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૬૦૮૨૦/૨૦૨૬ B.N.S.-૨૦૨૩ ની કલમ ૩૦૩(૨) મુજબના ગુન્હાના કામે આરોપીએ 6 M.M ૧૫૦ મીટર કેબલ વાયર કીમત ૧૦,૦૦૦/- ની ચોરી કરેલ હોય જે અંગેની રાજુલા પોલીસ ટીમને મળેલ ચોક્કસ બાતમી તથા હ્યુમન સોર્ચ આધારે

રાજુલાના આગરીયા ગામની સીમમાંથી ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે એક પુરૂષ તથા એક મહિલા ઇસમને ૩૩ મીટર કેબલ વાયર કિંમત ૩૩૦૦/- તથા બજાજ સી.ટી. ૧૦૦ મો.સા. રજી. નં.GJ01EC6962 કિંમત.૧૦,૦૦૦/- તથા એક દાતરડુ કીમત ૨૦/- મળી કુલ મુદ્દામાલ કિંમત ૧૩,૩૨૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી કેબલ વાયર ચોરીના બે અનડીટેક્ટ ગુન્હોઓ ડીટેક્ટ કરી પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ ધોરણસર કાર્યવાહી કરતી રાજુલા પોલીસ ટીમ.

પકડાયેલ આરોપી

(૧) રાજુભાઇ રાયાભાઇ બારૈયા (દેવીપુજક) ઉ.વ.૩૦ ધંધોમજુરી રહે.મોટા આગરીયા તાલુકો રાજુલા જીલો અમરેલી મુળ રહે.નારીયેલી મોલી

(૨) નીતાબેન વા/ઓ રાજુભાઇ રાયાભાઇ બારૈયા (દેવીપુજક) ઉ.વ.૨૮ ધંધોમજુરી રહે.મોટા આગરીયા તાલુકો રાજુલા જીલો અમરેલી મુળ રહે.નારીયેલી મોલી તાલુકો ઉના જીલો ગીર સોમનાથ

રાજુલા પોલીસે કબ્જે કરેલ મુદામાલમાં

૩૩ મીટર કેબલ વાયર કીંમત ૩૩૦૦/- તથા બજાજ સી.ટી. ૧૦૦ મો.સા. રજી. નં.GJ01EC6962 કીં.રૂ.૧૦,૦૦૦/- તથા એક દાતરડુ કીમત ૨૦/- મળી કુલ મુદ્દામાલ કિંમત રૂ.૧૩,૩૨૦/- ના મુદ્દામાલ કબ્જે કરેલ છે.

એમ.ઓ.

ઉપરોકત આરોપીઓ રાત્રીના ૭ થી ૯ વાગ્યાં દરમ્યાન મોટરસાયકલ લઇ રોડ નજીકના વાડીઓમાંથી કેબલ વાયર કાપી લઇ અને ચોરી કરી નાસી જઇ ગુન્હો આચરતા .

આ કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારી

રાજુલા પોલીસ સ્ટેના પોલીસ ઇન્સ્પેકટર વીજય એમ.કોલાદરા પો.સબ.ઇન્સ એસ.બી જાની તથા સર્વેલન્સ ટીમના એ.એસ.આઇ મધુભાઇ પોપટ તથા હે.કોન્સ હરેશભાઇ વાળા તથા મનુભાઇ માંગાણી તથા સુરેશભાઇ મેર તથા પો.કોન્સ રવીભાઇ વરૂ તથા મહેશભાઇ બારૈયા તથા આગરીયા બીટના એ.એસ.આઇ. રાણાભાઇ વરુ તથા પો.કોન્સ. રામદેવસિંહ સરવૈયા તથા હીતેષભાઇ કલસરીયા દ્વારા કરવામાં આવેલ છે.

— Anil Vaghela

CRIME

લાઠી તાલુકાના અડતાળા ગામમાં પાણીની વિવાદની મારામારીનું રિકન્સ્ટ્રક્શન, આરોપીઓને સ્થળે લઈ ગયા



લાઠી પોલીસ, એલસિબી અને એસઓજી સહિતની ટીમે અડતાળા ગામમાં પાણીની રજૂઆત મામલે થયેલી મારામારીની ઘટના પર રિકન્સ્ટ્રક્શન કર્યું.

પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ કાયદાનું ભાન કરાવ્યું હતું

રિકન્સ્ટ્રક્શન દરમિયાન આરોપીઓએ ઊઠક-બેઠક કરાવી, કાયદાનો ભાન કરાવ્યુ ઘટના સ્થળે લોકોની મોટી ભીડ એકત્રિત થઈ.હતી

આ પ્રક્રિયા દ્વારા પોલીસને ઘટનાઓની સાચી સમજ મળી અને કાયદો અમલમાં મૂકવા માટે જરૂરી પગલાં લેવા સક્ષમ બન્યા.

— Hanif Katiyar

POLITICS

૩૦-૩૫ વર્ષના શાસન બાદ હવે આદિવાસીઓ કેમ યાદ આવ્યા? બાબુભાઈ ડામોરે મુખ્યમંત્રીની મુલાકાત પર ઉઠાવ્યા સવાલો



આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી બાબુભાઈ ડામોરે આદિવાસી વિસ્તારોમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મુલાકાત પર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, છેલ્લા ૩૦-૩૫ વર્ષથી સતત ભાજપની સરકાર હોવા છતાં અત્યાર સુધી આદિવાસી વિસ્તારના પ્રશ્નોની ચર્ચા ન કર્યા બાદ હવે અચાનક આદિવાસીઓ કેમ યાદ આવ્યા તે સવાલ ઊભો થાય છે.

તેમણે જણાવ્યું હતું કે, જળ, જંગલ, જમીન અને આદિવાસી વિસ્તારના વિકાસ તેમજ અનુસૂચિત વિસ્તારની વિશેષ અને બંધારણીય જોગવાઈઓ માટે જાગૃતિ લાવનાર ધારાસભ્ય ચૈતર વસાવાને જેલમાં પૂર્યા બાદ હવે સરકાર વિકાસના દાવા કરવા આવી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, દાહોદના અંતરિયાળ વિસ્તારમાં ઘરમાં જવા માટે પણ મોબાઈલની બેટરી / ટોર્ચ કરવી પડે છે, જે વીજળીના અભાવ, પાકા મકાનોના અભાવ અને પાણીની તકલીફની વાસ્તવિકતા દર્શાવે છે.

આરોગ્ય અને મનરેગા સહિતની ગ્રાન્ટમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાનો અને મોટાભાગની ગ્રાન્ટ કાગળ પર વપરાતી હોવાનો આરોપ છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, દાહોદના એક મંત્રીના સંતાનો મનરેગા મામલે જેલમાં જઈ જામીન પર છૂટ્યા હોવાનું કહેવાય છે. તેમણે કહ્યું હતું કે, ચૈતરભાઈને ભલે જેલમાં પૂર્યા હોય પરંતુ સમાજ જાગૃત થઈ ગયો છે અને ૨૦૨૭માં પોકળ વાયદા કરનારાઓને જનતા ઘરભેગા કરશે.

વધુમાં આપ નેતા બાબુભાઈ ડામોરે માગણી કરી હતી કે, ટ્રાઈબલ એડવાઈઝરી કમિટી (TAC) ના ચેરમેન પદે મુખ્યમંત્રીને બદલે બંધારણીય જોગવાઈ મુજબ આદિવાસી ધારાસભ્યને જવાબદારી આપવામાં આવે, પાંચમી અનુસૂચિ અને પેસા એક્ટનો સંપૂર્ણ અમલ કરવામાં આવે તથા ગ્રામસભા, તાલુકા અને જિલ્લા પંચાયતને સંપૂર્ણ સત્તાઓ આપવામાં આવે.

તેમણે જણાવ્યું હતું કે, આદિવાસી વિસ્તારના ડેમોનું પાણી હજારો કિલોમીટર દૂર જાય છે પરંતુ સ્થાનિકોને પીવા અને સિંચાઈ માટે પાણી મળતું નથી, ત્યારે પાણીની સુવિધા આપવી જોઈએ. આદિવાસીઓને વનવાસી કે વનબંધુને બદલે આદિવાસી તરીકે જ ઓળખ આપવી જોઈએ, જળ-જંગલ-જમીનના મૂળભૂત હકો અને વર્ષોથી ખેડાતી જમીનની સનદોના હજારો પેન્ડિંગ દાવાઓનો નિકાલ કરી માલિકી હક આપવો જોઈએ.

બાબુભાઈ ડામોરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈને વિનંતી કરી હતી કે, આદિવાસી વિસ્તારના હક માટેના પ્રશ્નોની રજૂઆત સાંભળીને તેનો અમલ કરવાની જાહેરાત કરવામાં આવે.

આમ આદમી પાર્ટી ગુજરાત

— Hasmukh Bhoi

EDUCATION

હ્યુમન રાઈટ્સ ફેડરેશનએ TAT-HS પરીક્ષાની પારદર્શિતાને લગતી 5 માંગણીઓ રજૂ કરી, અમદાવાદ અને અમરેલીમાં અરજી પત્રો સબમિટ..



હ્યુમન રાઈટ્સ ફેડરેશન (USA)એ ગુજરાતમાં યોજાતા TAT-HS પરીક્ષાના પરિણામ અને મૂલ્યાંકનમાં પારદર્શિતા જાળવવા માટે પાંચ મુખ્ય માંગણીઓ રજૂ કરી.માંગણીઓમાં પરીક્ષા રદ ન કરવી,ગુણ અલગ-અલગ જાહેર કરવી, ઉત્તરવહીની નકલ ઉપલબ્ધ કરાવવી, ગુણ ગણતરીમાં ચોકસાઈ અને રી-એસેસમેન્ટની મંજૂરી શામેલ છે..

રાજપૂત લાઠી (અમરેલી) અને અમદાવાદમાં નાયબ કલેક્ટર, મામલતદાર અને જિલ્લા કલેક્ટર સમક્ષ સત્તાવાર અરજી પત્રો રજૂ કરવામાં આવ્યા; લાઠીમાં સીરીનબેન મોગલ અને પરીતાબેન ઝગડા, અને અમદાવાદમાં મોનિકાબેન, ચંદ્રકલાબેન, એકતાબેન, રેખાબેનના નામો સામેલ હતા.ફેડરેશનએ જણાવ્યું કે પરીક્ષામાં મહેનત કરનાર દરેક ઉમેદવારને ન્યાયસંગત મૂલ્યાંકન મળવું જોઈએ અને કોઈ લાયક ઉમેદવારનું ભવિષ્ય જોખમમાં ન મૂકવું જોઈએ; અરજી પત્રોની નકલ મુખ્યમંત્રીને પણ મોકલવામાં આવી છે.હ્યુમન રાઈટ્સ ફેડરેશન (USA)ના ઇન્ટરનેશનલ પ્રેસિડેન્ટ મહેન્દ્ર આયલાણીએ ભારપૂર્વક જણાવ્યું કે ઉમેદવારોના ભવિષ્ય સાથે કોઈ બાંધછોડ નહીં કરવામાં આવશે અને ફેડરેશન લોકશાહી અને બંધારણીય માર્ગે પોતાની લડત ચાલુ રાખશે.

— એસ એ શિરોયા